# Gujarati (Code No. 010)
# Marking Scheme
# Class: X (2025-26)

**Code No. 010**

| નોટ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પુછવામાં આવ્યા છે.<br>➢ પ્રશ્ન 1,2,3,4,5 ના દરેક ઉત્તર માટે 1-1 અંક નિર્ધારિત છે.<br>➢ કુલ ગુણ -૩૪ | ➢ This Question paper is divided in two parts.<br>➢ Part A - Objective type questions. (MCQ) and very short question.<br>➢ Q.1, Q.2, Q.3, Q.4, Q.5 are of 1 mark each.<br>➢ Total Marks - 34 |
| ➢ વિભાગ બ – વર્ણનાત્મક પ્રશ્નો.<br>➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગના પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ લેખન કાર્યમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ આપવામાં આવ્યું ન હોય તો જવાબમાં પત્ર લખતી વખતે વિદ્યાર્થીએ પોતાનું નામ સરનામું કે પોતાની અને કોઇપણ શહેરની આગવી ઓળખ આપવી નહિ. જો પ્રશ્ન પત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખનમાં કરવો.<br>➢ કુલ ગુણ-૪૬ | ➢ Part B - Subjective, Descriptive questions.<br>➢ As per the instructions given, the questions and answers of this section have to be written.<br>➢ Do not mention your identity or the place you reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the question, you will have to use the same in your answer.<br>➢ Total Marks = 46 |
| ➢ પૂર્ણ પ્રશ્ન પત્ર – ૮૦ ગુણ | ➢ Question paper- 80 Marks. |
| ➢ પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો. | ➢ Please write down the serial number of the question before attempting it. |
| | |

## ગુજરાતી

## ધોરણ-X (010)

સમય – 3 કલાક | Time: 3 hrs.

કુલ ગુણ -80 | M.M.- 80

**PART A** **(34)**

**(Advanced Reading Skill)**

**પ્રશ્ન-1 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.** **(5×1=5)**

જીવતી ભાષા ધબકારા મારતી પ્રાણવાન વસ્તુ છે, તે નિરંતર બદલાય છે, નિરંતર વિકાસ પામે છે અને તે બોલનાર અને લખનાર લોકોનું પ્રતિબિંબ પાડે છે. તેનાં મૂળ જનસમૂહમાં રહેલાં છે. તેની ઈમારત ભલે ખોબા જેટલા સંસ્કારની ધોતક હોય. એટલે આપણે એને ઠરાવો વડે કે ઉપરથી આવતા હુકમો વડે આપણી મુનસફી પ્રમાણે કેવી રીતે બદલી શકીએ? અને છતાં હું એક એવો ખ્યાલ પુષ્કળ ફેલાયેલો જોઉં છું કે આપણે માત્ર ઈચ્છા કરીએ તો ભાષાને અમુક ઢબે હાલવા ચાલવાની ફરજ પાડી શકીએ. આજના જમાનમાં સમાચારપત્રો, છાપેલા

પુસ્તકો, સિનેમા અને રેડિયો વાટે વિશાળ પાયા પર લોકોમાં કેળવણી ફેલાઈ રહી છે અને લોકોમાં પ્રચાર ચાલી રહ્યો છે. એટલે ભૂતકાળ કરતાં આજે ભાષામાં ફેરફાર ઘણો ઝડપથી કરી શકાય એ વાત સાચી. કોઈ ભાષા જો પ્રજા સાથેનો સંપર્ક ગુમાવી બેસે તો તે પોતાની જીવનશક્તિ ખોઈ બેસે અને તે ચેતનશક્તિ અને આનંદભરેલી હોવી જોઈએ તેને બદલે કૃત્રિમ, નિર્જીવ થઈ પડે. કોઈ ભાષાના વિકાસને અમુક દિશાએ બળજબરીથી વાળવાનો પ્રયત્ન થાય, તો સંભવ છે કે એને પરિણામે એ ભાષા વિકૃતરૂપ ધારણ કરે ને તેનો પ્રાણ કચડાઈ જાય.

**પ્રશ્નો:-** (I) લેખક ભાષાને પ્રાણવાન શા માટે કહે છે? –

(D) આપેલા (A) અને (B)

(II) ભાષાને અમુક ઢબે હાલવા ચાલવાની ફરજ ક્યારે પાડી શકીએ?

(B) આપણે માત્ર ઈચ્છા કરીએ તો

(III) 'સમાચારપત્ર'નો સમાનાર્થી શબ્દ જણાવો.

(C) વર્તમાનપત્ર

(IV) ભાષા જો પ્રજાનો સંપર્ક ગુમાવી બેસે તો શું થાય?

(D) આપેલા (A) અને (B)

(V) ભાષાને બળજબરીથી વાળવાનો પ્રયત્ન કરવાથી ભાષા પર શી અસર થાય?

(B) તેનો પ્રાણ કચડાઈ જાય.

**પ્રશ્ન-2 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય જવાબ લખો.** **(5×1=5)**

એક વાર હું કર્ણાટકના ખૂબ જ આંતરિયાળ ભાગમાં સહયાદ્રિ પર્વતમાળાનાં નાનકડાં ગામોમાં ફરતી હતી. જંગલો અહીં એટલાં ગાઢ છે કે, ભરબપોરે પણ ન તડકો પ્રવેશે, ન તો ગરમી લાગે. ચોમાસું હતું. તેથી ઝરમર વરસાદ ચાલુ જ હતો. ચાલવાનું મુશ્કેલ હતું. કેમ કે પગમાં જળો જેવાં જીવડા – જીવાત ચોંટી જવાનો ભય રહે. પણ જો તમે કુદરતપ્રેમી હો તો ચોમાસામાં આ પરદેશમાં કો'ક વાર જરૂર જજો. સૌંદર્યની અહીં પ્રભુએ છૂટા હાથે લ્હાણી કરી છે. ભરાવદાર, ઊંચા, લીલાછમ વૃક્ષો, ચારેબાજુ લીલોતરી,ફૂલો,પક્ષીઓનાં કલરવનું મધુર સંગીત ...અને શીતળ, મંદ- મંદ પવનની લહેરખીના ધીમા સુસવાટાના કર્ણપ્રિય અવાજ... બસ,નિર્મળ આનંદ. મન ભરાઈ જાય.કોઈ પણ ફાઈવસ્ટાર હોટેલની કે ફાર્મહાઉસની પાર્ટીમાં આવી સંપૂર્ણ આનંદની અનુભૂતિ તમને ક્યારેય નહીં થઈ હોય ... ખાતરી આપું છું. આ સમગ્ર વિસ્તાર આદિવાસીઓનો હતો. મારે અહીં એક ગામડામાં સ્કૂલ જોવાની હતી. આદિવાસીઓના આ સમૂહને અહીં 'થંડા' કહે છે (ડાંગમાં 'ભીલ' કહે તેમ.) આખીય જાતિનો એક મુખિયો હોય, તેને 'થંડપ્પા' કહેવાય. મોટે ભાગે, જે ઉમ્મરમાં સૌથી મોટા હોય તેવા વડીલને જ 'થંડપ્પા' બનાવવામાં આવે. તેમના સમાજમાં તેમનું માન એટલે, જાણે કે હાજરાહજૂર ભગવાન ! થંડપ્પા સ્પષ્ટપણે માને છે કે જુગજૂની પ્રથા,રીતરિવાજો, જે તેમણે તેમના બાપદાદાઓ પાસેથી શીખવા મળ્યા હતા. તે જ સનાતન સત્ય, તેમાં મીનમેખ હોય જ નહીં.

**પ્રશ્નો:-** (I) લેખિકા એકવાર ક્યાં ફરવા ગયા હતા?

જવાબ -એક વાર લેખિકા કર્ણાટકના ખૂબ જ આંતરિયાળ ભાગમાં સહયાદ્રિ પર્વતમાળાનાં નાનકડાં ગામોમાં ફરવા ગઈ હતી.

(II) ઉપરના અનુચ્છેદ અનુસાર ત્યાનાં જંગલો કેવા છે?

જવાબ - જંગલો અહીં એટલાં ગાઢ છે કે, ભરબપોરે પણ ન તડકો પ્રવેશે, ન તો ગરમી લાગે. ચોમાસું હતું. તેથી

ઝરમર વરસાદ ચાલુ જ હતો.

(III) જંગલોમાંનું સંગીત કેવું હોય છે?

જવાબ - પક્ષીઓનાં કલરવનું મધુર સંગીત ...અને શીતળ, મંદ- મંદ પવનની લહેરખીના ધીમા સુસવાટાના કર્ણપ્રિય અવાજ... બસ,નિર્મળ આનંદ. મન ભરાઈ જાય.

(IV) સમગ્ર વિસ્તાર કોનો હતો?

જવાબ - આ સમગ્ર વિસ્તાર આદિવાસીઓનો હતો.

(V) 'થંડપ્પા' કોને કહેવાય?

જવાબ - આખીય આદિવાસી જાતિનો એક મુખિયો હોય, તેને 'થંડપ્પા' કહેવાય.

## (Literature)

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ પોતાના જીવનને કેવું બનાવવા ઇચ્છે છે?

(C) પરોપકારી

(II) સૌરાષ્ટ્રમાં ક્યા સ્થળનું રંગાટકામ વખણાતું?

(D) જામનગર

(III) 'દીવાનખાનામાં' કાવ્યના રચયિતાનું નામ શું છે?

(A) પન્ના નાયક

(IV) 'શરણાઈના સૂર' પાઠમાં ઢોલીનું નામ શું હતું?

(B) મેઘો

(V) 'તે બેસે અહીં' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે?

(D) યદા તદા ગઝલ

(VI) 'હાય-હાય આંખ ફૂટી ગઈ કે શું?' આ વાક્ય કોણ બોલે છે?

(C) કંચનમાસી

**પ્રશ્ન-4 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) મોટાભાઈ બલાઈને સિમલા કેમ લઈ ગયા?

જવાબ - મોટાભાઇ બલાઇને વિલાયતી ઢબે શિક્ષણ આપવા માટે સિમલા લઈ ગયા.

(II) 'જીવમાં જીવ આવ્યો' કાવ્યમાં વરસાદ વરસવાથી પર્ણો પર શી અસર થઈ?

જવાબ - 'જીવમાં જીવ આવ્યો' કાવ્યમાં વરસાદ વરસવાથી પર્ણો ઊજળાં થયાં.

(III) 'ઝબક જ્યોત' પાઠનો સાહિત્યપ્રકાર જણાવો.

જવાબ - 'ઝબક જ્યોત' પાઠનો સાહિત્યપ્રકાર એકાંકી છે.

(IV) 'હાથ મેળવીએ' કાવ્યના કવિ અહીં કોનો હાથ માગે છે?

જવાબ - 'હાથ મેળવીએ' કાવ્યના કવિ અહીં અજાણી વ્યક્તિનો હાથ માગે છે.

(V) 'નખી લેક' ક્યાં આવેલું છે?

જવાબ - 'નખી લેક' આબુમાં આવેલું છે.

(VI) કડવા લીમડાની છાયા કેવી હોય છે?

જવાબ -કડવા લીમડાની છાયા શીતળ છે.

## (Applied Grammar)

**પ્રશ્ન-5 નીચેના રૂઢિપ્રયોગના સાચા અર્થ શોધીને લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) 'ધરવ ન થવો'

(C) સંતોષ ન થવો (D) મહેનત કરવી

(II) 'જિંદગી માણવી'

(D) આપેલ તમામ

(III) 'રસ્તો કાઢવો'

(B) ઉપાય કાઢવો

(IV) 'આંખો મીંચી જવી'

(A) અવસાન થવું

(V) 'હૃદયમાં ઘા થવો'

(D) તીવ્ર દુ:ખની અનુભૂતિ થવી

**પ્રશ્ન-6 નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) પક્ષપાતરહિત છે તે

(A) તટસ્થ

(II) આછી ધ્રુજારી

(C) સ્પંદન

(III) જેની પત્ની મરણ પામી છે તેવો પુરુષ

(A) વિધુર

(IV) કળા કારીગરોવાળો ઉદ્યોગ

(D) હુન્નર

(V) નવો ફણગો

(C) નવાંકુર

**પ્રશ્ન-7 સૂચના મુજબ કરો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) નીચેનામાંથી કયો શબ્દ 'ધ્વનિ' શબ્દનો સમાનાર્થી છે?

(D) આપેલ તમામ

(II) નીચેનામાંથી કયો શબ્દ 'બાંધવ' શબ્દનો સમાનાર્થી નથી?

(A) સહોદર (B) ભાઈ (C) માવડિયો (D) માજાયો

(III) નીચેના સમાનાર્થીમાં કયું જોડકું યોગ્ય છે?

(A) દીન : રંક

(IV) ‘ભીતર’ શબ્દનો વિરોધી શબ્દ શોધીને લખો.

(D) અંદર

(V) ‘નિર્બળ’ શબ્દનો વિરોધી શબ્દ શોધીને લખો.

(A) સબળ

**પ્રશ્ન-8 સૂચના પ્રમાણે જવાબ આપો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) ‘અમે નૂતન યુગના પ્રવાસી છીએ.’ – આપેલ વાક્યમાંથી અનુગ શોધો.

(B) ના

(II) ‘બિલ્લીઓ માટેનું મારું ગાંડપણ મારી દોસ્ત બરાબર જાણે.’ – આપેલ વાક્યમાંથી અનુગ શોધો.

(C) નું

(III) ‘આ ઘરમાં કાન્તિ જન્મ્યો હતો.’ – રેખાંકિત અનુગની જગ્યાએ નામયોગી વાપરો.

(B) ની અંદર

(IV) વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી કયું વાક્ય ઉચિત નથી?

(C) સત્તરમાં સદીની અધવચ્ચેની એ સમય હતો.

(V) વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી કયું વાક્ય ઉચિત છે?

(A) હવે ભૂધર મેરાઈનો મિજાજ ગયો.

## PART B (46)

## (Literature)

**પ્રશ્ન-9 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે પાંચ )** **(5×1=5)**

દીવાનખાનાને
વ્યવસ્થિત કરું છું
ઘડી અહીં, ઘડી તહીં
વિવિધ ફેરફારથી -
વસ્તુનું મન પૂછી પૂછી
ગોઠવણી કરું છું.
સોફા અને લેમ્પને નવું સ્થાન આપ્યું
બારીના પડદા બદલી કાઢ્યા
જૂના ગાલીચાની જગ્યાએ
Wall to wall કારપેટ નખાવી દીધી.
સુશોભને પ્રસન્ન થાય છે દીવાનખાનું
સઘળું બરાબર થાય છે ત્યારે જ
છટકે છે મારું મન –

આ બધાંમાં મને ક્યાં ગોઠવું?

કેન્દ્ર શોધું છું.

જ્યાં હું સરખું બેસી શકું....

પણ બારી કનેથી રસ્તો નિહાળતી

હું ઊભી જ રહું છું.

**પ્રશ્નો:-** (I) કવયિત્રી કોના મનને પૂછીને ગોઠવણી કરે છે?

જવાબ -કવયિત્રી વસ્તુઓના મનને પૂછીને ગોઠવણી કરે છે

(II) કોને નવું સ્થાન અપાયું?

જવાબ -સોફા અને લેમ્પને નવું સ્થાન અપાયું

(III) જૂના ગાલીચાની જગ્યાએ શું ગોઠવાયું?

જવાબ - જૂના ગાલીચાની જગ્યાએ Wall to wall કારપેટ નખાવી દિધી

(IV) સુશોભનથી શું થાય છે?

જવાબ - સુશોભનથી દીવાનખાનું થાય છે.

(V) નાયિકાએ કોને નવું સ્થાન આપ્યું?

જવાબ - નાયિકાએ સોફા અને લેમ્પને નવું સ્થાન આપ્યું

(VI) દીવાનખાનું સુશોભિત થયા પછી નાયિકા પોતાના મનને ક્યો પ્રશ્ન પૂછે છે?

જવાબ - દીવાનખાનું સુશોભિત થયા પછી નાયિકા પોતાના મનને પ્રશ્ન પૂછે છે કે, "આ બધાંમાં મને ક્યાં ગોઠવું."

**પ્રશ્ન-10 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે બે)** **(2×2=4)**

(I) 'મોરલી' કાવ્યને આધારે શ્રીકૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

જવાબ- શ્રીકૃષ્ણએ પીળું પીતાંબર અને જરકસી જામા પહેર્યાં છે. તેમણે પહેરેલો પીળો પટકો શોભા વધારે છે. તેમનાં કાનમાં કુંડળ, મસ્તકે મુગટ અને હાથમાં મોરલી છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) 'હાથ મેળવીએ' કાવ્યના આધારે માનવીના હાથ ક્યા ક્યા કામો કરે છે?

જવાબ- માનવીના હાથમાં ધન, સત્તા, કીર્તિ છે. તે ઉપરાંત ઉષ્મા અને થડકો પણ છે. પરસ્પરના હ્રદયનો ભાવ મેળવવા હાથ મેળવવાનું કવિ કહે છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) 'જીવન અંજલિ થાજો!' કાવ્યના કવિ ક્યાં ચાલવાનું કહે છે?

જવાબ-. કવિ પોતાનું જીવન અંજલિરૂપ કરવા ઇચ્છે છે. કવિ સતની કાંટાળી કેડી પર ચાલનારના માર્ગ પર પુષ્પ બનવા માંગે છે. તેઓ ભૂખ્યાં કાજે ભોજન અને તરસ્યાંનું જળ થવા માંગે છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(IV) તમારા અભ્યાસક્રમમાં આવેલા દુહાઓમાં વ્યક્ત થતો સંદેશ વર્ણવો.

જવાબ - કવિએ આ ગઝલમાં સભામાં બેસવાની લાયકાત શામાંથી મળે છે તેનું સુંદર વર્ણન કર્યું છે. ભલે આપણે ઉચ્ચ પદ પર હોઈએ તોપણ બીજા માટે સંવેદના રાખવી જોઈએ. બીજાના આંસુ લૂછવાં જોઈએ.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન.11 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે એક)** **(1×3=3)**

(I) તળાવ અને પક્ષીના હાઇકુ દ્વારા કવિ શો સંદેશ આપે છે?

જવાબ - હાઇકુમાં ચમકારાની જેમ ચિત્ર ચિત્ર ખડું થાય છે. અહીં કવિ કહે છે કે લીલને કારણે તળાવ પોઢી ગયું છે. કશી જીવંતતા નથી. જ્યારે પક્ષી આવી ચાંચ બોળે છે ત્યારે જીવંતતા આવે છે. કોઇના સ્પર્શે અસ્તિત્વ જાગી ઊઠવાની આ ઘટના સૂચક છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) પર્વત ટોચે – હાઈકુમાં વ્યક્ત થતો સંદેશ.

જવાબ - કવિ કહે છે કે ઊડતું વાદળ પર્વત ટોચે પહોંચે છે ત્યારે વેરાઇ જાય છે. ભાર વગરનું થઈ જાય છે. આપણે જેટલા ઊંચે જઇએ એટલા હળવા થતા જવાનું છે. હળવાશના આનંદનું આ ચિત્ર સ્મરણમાં રહી જાય તેવું છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) તમારા અભ્યાસ ક્રમમા આવેલ દુહાઓમાં વ્યક્ત થતો સંદેશ વર્ણવો.

જવાબ - દુહામાં જીવનભાવને સચોટ રીતે પ્રગટ કરવામાં આવે છે. પહેલા દુહામાં કવિ સ્વજનો વચ્ચેના પ્રેમની વાત કરે છે. લીમડો કડવો હોય પણ તેનો છાયો શીતળ હોય છે તેમ ભાઇઓ વચ્ચે અબોલા થયા હોય તો પણ જરૂર પડે એ પડખે ઊભા રહે છે. બીજા દુહામાં કહ્યું છે કે ઘડો પૂરેપૂરો ભરેલો હોય તે છલકાતો નથી, અધૂરો જ છલકાય છે. તેમ જે પૂર્ણતા પામ્યો હોય તે ભૂલાતો નથી, ઘમંડ કરતો નથી.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન.12 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે છ)** **(6×1=6)**

સિપાઇઓએ કહ્યું કે કોઇ ગાંડો લાગે છે. એમણે એને જવા દીધો. રાજદરબારની દોઢી આગળ પણ એ પ્રમાણે થયું. ચોર રાજમહેલ પાસે આવ્યો. એક બારી ખુલ્લી જોઇ ઉપર ચડ્યો. બધી ચીજો જોવા લાગ્યો. આ તો મારે શા કામની છે? આને હું શું કરું? આને સંતાડવી ક્યાં ? લઇ જાઉં તો જૂઠું બોલ્યા વગર છૂટકો જ નહીં ? છેવટે એક દાબડી એના જોવામાં આવી. ઉઘાડીને જુએ તો અંદર બીજી દાબડી. એમાં જુએ તો સાત રત્નો. ચોરને થયું કે આટલા બધા મારે શું કરવા છે ? ચાર બસ છે. અંદરથી ચાર રત્નો લઇ એણે છેડે ખોસ્યા. ત્રણ દાબડીમાં રહેવા દીધાં ને દાબડી હતી તેમ બંધ કરીને પાછી એને ઠેકાણે મૂકી. બારીએ થઇને ઊતરીને ઘરને રસ્તે પડ્યો. રસ્તામાં એને એક માણસે રોક્યો. રાજા વેશપલટો કરીને નગરચર્યા જોવા નીકળેલો.

**પ્રશ્નો:-** (I) સિપાઇઓએ શું કહ્યું?

જવાબ - સિપાઇઓએ કહ્યું કે કોઇ ગાંડો લાગે છે.

(II) ચોરને શા વિચાર આવ્યા?

જવાબ – ચોર બધી ચીજો જોઇને વિચાર કરવા લાગ્યો.- આ તો મારે શા કામની છે? આને હું શું કરું? આને સંતાડવી ક્યાં ?

(III) દાબડીમાં કેટલાં રત્નો હતાં?

જવાબ - દાબડીમાં સાત રત્નો હતાં

(IV) ચોરે કેટલા રત્નો લીધા?

જવાબ - ચોરે ચાર રત્નો લીધા

(V) ચોર કઈ રીતે મહેલની બહાર નીકળ્યો?

જવાબ – ચોર મહેલની બારીએ થઇને ઊતરીને બહાર નીકળ્યો.

(VI) રસ્તામાં એને કોણે રોક્યો?

જવાબ - રસ્તામાં એને એક માણસે રોક્યો. તે રાજા હતો.

(VII) રાજા રાતે શા માટે નીકળેલો?

જવાબ - રાજા રાતે વેશપલટો કરીને નગરચર્યા જોવા નીકળેલો.

**પ્રશ્ન.13 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** **(3×2=6)**

(I) વૃધ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યું?

જવાબ - લેખક અને તેમના મિત્રો જર્મનીમાં રેસ્ટોરન્ટમાં જમવા ગયા. ત્યાં તેમણે મંગાવેલ ભોજનમાંથી ત્રીજા ભાગનું ભોજન છાંડ્યું  હતું. ત્યાં વૃધ્ધ સ્ત્રીઓ હતી તેમને આ ગમ્યું નહીં. તેમણે સોશિયલ સિક્યુરિટીને ફોન કરી બોલાવ્યો.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫ )

(II) તાજમહેલ વિશે સર્વજ્ઞભાઈ શું કહે છે?

જવાબ - તાજમહેલ વિશે સર્વજ્ઞભાઇ કહે છે," એક માણસ ૧૪મી ડિલિવરીમાં મરી ગયેલી પોતાની બૈરી પાછળ પૈસા બરબાદ કરે એ વાત આપણને પસંદ નથી. બીજો કોઇ સમજુ માણસ હોય તો બૈરી પાછળ આખું આગ્રા શહેર જમાડે કે પછી હોટેલ બાંધે. લાખો રૂપિયા ખર્ચીને તેણે બાંધી તો એક કબર જ ને !

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫ )

(III) બા નાનપણમાં મોટાને તેડતી ત્યારે કાન્તિના દિલમાં કેવો ભાવ જાગતો?

જવાબ - કાન્તિ અને તેના મોટાભાઈની ઉંમરમાં બહુ ફેર નહોતો. તેની બા બંનેને સમાન ભાવથી રાખતી હતી. છતાં કાન્તિને મોટાભાઈ માટે ઈર્ષા હતી. બા મોટાને તેડતી અને કાન્તિને ચાલવાનું કહેતી ત્યારે એને દુઃખ થતું. કાન્તિને થતું કે બા મોટાને ફટવતી હતી અને પોતાને અન્યાય કરતી હતી.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫ )

(IV) ઘવાયા પછી દીપક કયા પ્રકારની વાતો કરે છે?

જવાબ - પોતાના ઘરની અગાશી પર રાષ્ટ્રધ્વજ ચડાવતાં દીપક ઘાયલ થાય છે. તે આંખો બંધ કરે છે ત્યારે જાણે આખું આકાશ સફેદ,લીલા અને કેસરી પટ્ટામાં તેને દેખાય છે. તે પોતાના શિક્ષકની વાત યાદ કરે છે કે કોરિયામાં હજારો બાળકોએ વાવટા માટે પ્રાણ આપ્યા હતા. ગાંધીજીને પત્ર લખવાનું પણ કહે છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫ )

(V) પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઇના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા?

જવાબ - જેઠીબાઇ પોર્ટુગીઝ સરકારના અન્યાયી કાયદાઓનો પ્રતિકાર કરે છે. તે પોર્ટુગલ જઇને તેની રાણીને મળીને કાયદો દૂર કરાવે છે. તેથી પોર્ટુગીઝ ઓફિસરો જેઠીબાઇના ઘર પાસેથી પસાર થતા ત્યારે જેઠીબાઇના

માનમાં પોતાના માથા પરથી હેટ ઉતારી નાખતા.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫ )

(VI) બલાઇને પ્રકૃતિ સાથે કેવી લાગણી છે?

જવાબ - બલાઈ પ્રકૃતિ પ્રત્યે સ્વજન જેવી ઊંડી લાગણી અનુભવે છે. કોઇ વૃક્ષ કાપે કે પુષ્પો તોડે તો તેને ગમતું નથી. મજૂરો ઘાસ કાપવા આવે એ તેનો સૌથી વધુ દુઃખનો દિવસ બનતો.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫ )

**પ્રશ્ન-14 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે બે) (2×3=6)**

(I) રમઝુ મીર અને શરણાઇ અભિન્ન હતાં. ચર્ચા કરો.

જવાબ - રમઝુ મીર શરણાઈ વગાડીને પોતાનું ગુજરાન ચલાવતો. અભણ રમઝુ પાસે શબ્દો ન હતા, કેવળ સૂર હતા. એ સૂર વડે સૃષ્ટિ ખડી કરી શકતો. શ્રોતાઓ શરણાઈના ભાવો વડે આનંદ, તોફાન, મસ્તીનું વાતાવરણ અનુભવી શકતા. રમઝુની પત્ની જ્યારે મૃત્યુ પામે છે ત્યારે આ શરણાઈ વડે જ તેની દીકરીનું તે પાલનપોષણ કરી શક્યો. દીકરીના મૃત્યુનું દુઃખ પણ તે તેના વડે જ વ્યક્ત કરે છે. અને અંતે શરણાઈ વગાડતો વગાડતો પોતાની પત્નીની કબર તરફ ચાલ્યો જાય છે. પછી કોઈ એને જોઇ શકતું નથી.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં આવતાં માનવસ્વભાવ અને સૌંદર્ય માણવાને બદલે ખાણીપીણીમાં વિશેષ રસ લેતાં પ્રવાસીઓ વિશે નોંધ લખો.

જવાબ - 'સૂરજ તો બધે સરખો' પાઠમાં લેખકે અમુક વ્યક્તિઓના વિચિત્ર માનવ સ્વભાવનું વર્ણન કર્યું છે. અમુક પ્રવાસીઓ જ્યારે ફરવા જાય ત્યારે ત્યાંનું સૌંદર્ય માણવાને બદલે તેમને ખાણીપીણીમાં વિશેષ રસ હોય છે. તેમને તાજમહેલ જેવી વિશ્વવિખ્યાત ઈમારતમાં નહીં પણ ત્યાં આગળ મળતી વાનગીમાં રસ હોય છે. તેઓ મહાબળેશ્વર જાય છે તે કુદરત જોવા નહીં પણ જાણે ખાવા માટે જ જાય છે. કોઇપણ સ્થળના કુદરતી સૌંદર્ય કે ઇતિહાસમાં તેઓ રસ લેતા નથી. પણ દરેક ફરવાના સ્થળ પર કઇ કઇ વાનગીઓ સારી મળે છે તે તેમને ખબર હોય છે. માત્ર તેમનું તેમાં જ ધ્યાન હોય છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.

જવાબ - 'ટિફિન' લઘુકથામાં અમથી માના પાત્ર દ્વારા લેખકે ભારતીય સંસ્કૃતિના મૂલ્યને વર્ણવ્યું છે. લેખક અમથી માટે ટિફિન લાવવાના હતા. જ્યારે તેઓ ટિફિન લઈને આવે છે ત્યારે તેઓ જુએ છે કે અમથીમા રોટલા ઘડતા હતા. લેખકને નવાઈ લાગે છે અને તેઓ પૂછે છે. ત્યારે અમથીમા કહે છે કે તેઓ કૂતરી અને ગાય માટે રોટલા ઘડતા હતા. માત્ર પોતાનું જ નહીં પણ બીજાનું પણ ધ્યાન રાખવું, સ્વાર્થ છોડી પરમાર્થ કરવો એ મૂલ્ય અમથીમા આપણને શીખવાડે છે તે આ લઘુકથાનું હાર્દ છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(IV) 'નથી' પાઠમાં વર્ણવવામાં આવેલાં માનવસંબંધો વિશે ચર્ચા કરો.

જવાબ - 'નથી' પાઠમાં કાન્તિના પાત્ર દ્વારા લેખકે માનવસંબંધો વિશે ચર્ચા કરી છે. કાન્તિની માતા કાન્તિ અને તેના ભાઇને એક સરખું રીતે રાખતી છતાં પણ કાન્તિને નાનપણથી તેના મોટાભાઈ પ્રત્યે દ્વેષ હતો. અને લગ્ન પછી પત્ની રમાને કારણે તે મોટાભાઇ અને માતા પ્રત્યે વધારે ખરાબ ભાવના રાખવા માંડે છે. ગામડું છોડી જતો રહે છે. ઘણીવાર

બોલાવવા છતાં પણ તે ગામડે જતો નથી. પત્ની રમાના મૃત્યુ પછી છેવટે તે ગામ પાછો ફરે છે ત્યારે તેણે સર્વસ્વ ગુમાવી દીધું હોય તેવી લાગણી થાય છે અને ખૂબ પસ્તાવો થાય છે. ગેરસમજોને દૂર કરવાના તે ક્યારેય પ્રયત્ન કરતો નથી તેથી તેને પસ્તાવાનો વારો આવે છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

## (Effective writing Skill)

**પ્રશ્ન-15 નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૧૨૦ શબ્દોમાં અનુચ્છેદ લખો.** **(1×5=5)**

(I) નદીકિનારાની સાંજ – મુદ્દા – પ્રસ્તાવના – નદીકિનારાનું પ્રાકૃતિક સૌંદર્ય અને માનવી પર તેની અસર – ઉપસંહાર.

(II) મારા જીવનના ઘડવૈયા – મુદ્દા – પ્રસ્તાવના – મારા જીવનના ઘડવૈયા – મારા મા-બાપ, મારા શિક્ષક, મારા મિત્ર વગેરે ... – યોગ્યતાની કેળવણી – મારી પ્રગતિમાં બધાનો ફાળો- ઉપસંહાર.

| | |
|---|---|
| - પ્રસ્તાવના | 0.5 |
| - વિષયવસ્તુ | 02 |
| - ભાષાઅભિવ્યક્તિ | 01 |
| - ભાષાશુદ્ધિ અને વાક્યરચના | 01 |
| - ઉપસંહાર | 0.5 |

* નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને અનુચ્છેદ લખવો.

- વિષયની પસંદગી
- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ
- કાવ્યપંક્તિ, સુભાષિતો કે અવતરણો આવકાર્ય છે.
- વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી.
- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી વિશે ધ્યાન રાખવું.

**પ્રશ્ન- 16 નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો.** **(1×6=6)**

**મુદ્દા-** ધોબી અને ધોબણનું નદી કિનારે કપડાં ધોવા જવું – સાંજનો સમય – અંધારું થઇ જવું – અચાનક ગોળીબાર – ધોબીનું મરણ – બીજા દિવસે ધોબણનું દરબારમાં આવવું- બાદશાહ પાસે ન્યાયની માંગણી- ગોળી છોડનારની તપાસ – બેગમ જ ગુનેગાર – બાદશાહે પોતાના પર ગોળી ચલાવવા કહેવું – ધોબણનું બેગમને માફ કરવું -બાદશાહે તેને ગુજરાન માટે મોટી રકમ આપવી.

- શીર્ષક : ઉચિત અને અર્થપૂર્ણ હોવું જોઈએ.
- બોધ : વાર્તાને અનુરૂપ હોવો જોઈએ.

| | |
|---|---|
| - ભાષાશૈલી અને ભાષાશુદ્ધિ | 01 |
| - વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન | 03 |
| - શીર્ષક | 01 |
| - બોધ | 01 |

* આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.
* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખવા.
- વાર્તા આપેલા મુદ્દાઓને અનુરૂપ હોવી જોઈએ.
- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં લખવી.
- ભાષા સરળ અને પ્રવાહી
- રસપ્રદ લખાણ જરૂરી
- મુખ્ય પાત્ર, પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક અને બોધ લખવો.

**પ્રશ્ન-17 નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન અથવા તો સચિત્ર જાહેરાત બનાવીને લખો. (1×5=5)**

(I) તમારા વિસ્તારમાં અસમાજિક તત્ત્વોએ તેમજ માથાભારે શખ્સોએ ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાવ્યું છે. તમારા વિસ્તારની સલામતી માટે અને રાહદારીઓના રક્ષણ માટે તાત્કાલિક ચાંપતા ઈલાજ લેવા પોલીસ કમિશનરશ્રીને સંબોધીને ફરિયાદ કરતો પત્ર લખો.

- સરનામું અને તારીખ 01
- સંબોધન અને અભિવાદન 01
- વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ 02
- સમાપન અને લિખિતંગ 01

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્રલેખન કરવું.
- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ (International Method) લખવું. નવી પદ્ધતિ પ્રમાણે લેખન કરવું.
- પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.
- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જોઈએ.
- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક
- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ ભાષા, સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી

* ખાસ નોંધ : પ્રશ્નપત્રમાં જો પ્રેક્ષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.

**અથવા**

(II) "પાણી પ્રદૂષણ અટકાવો"ના વિષય પર સચિત્ર જાહેરાત બનાવીને લખો.

- ચિત્રાત્મક રજૂઆત 01.5
- સૂત્રાત્મક રજૂઆત 01
- સમગ્ર પ્રસ્તુતિકરણ 2.5

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત કરવી
- ચિત્રાત્મક રજૂઆત
- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ

- ટૂંકી અને આકર્ષક રજૂઆત

- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત

****************************************